GJGS050013312025

**સુત્રાપાડાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં**

**રજુ તાઃ**–૧૬/૦૯/૨૦૨૫
**દાખલ તાઃ**–૧૬/૦૯/૨૦૨૫
**ફોજદારી કેસ નં.**–૯૮૩/૨૦૨૫
**ગુ.ર.નં.** – ૬૬૩/૨૦૨૫
**ફેસલ તાઃ**–૧૮/૦૮/૨૦૨૬
**સમયગાળોઃ** ૦૦ વર્ષ ૧૧ માસ ૦૨ દિવસ
**આંકઃ**–

| | |
|---|---|
| **ફરિયાદી** | **શ્રી સરકાર** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી એન.જે.જેઠવા. |
| **આરોપીઓઃ–** | **(૧) ચંપાબેન વા/ઓ. મુકેશભાઇ દેવજીભાઇ સોલંકી,**<br>ઉં.આ.વ–૪૯, ધંધોઃ–ઘરકામ,<br>રહેવાસી :–સુત્રાપાડા, જી.ગીર સોમનાથ.<br>**(૨) પ્રીતીબેન વા/ઓ. ગોવિંદભાઇ જેઠવા,**<br>ઉં.આ.વ–૪૯, ધંધોઃ–ઘરકામ/મજુરી,<br>રહેવાસી :–વાસોજ, તા.ઉના, જી.ગીર સોમનાથ. |
| આરોપીઓ તરફે | વિ.વ. શ્રી એ.આર.બારડ. |

## –// ફોર્મ–બી //–

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૧૯/૦૭/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૯/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૧૯/૦૮/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૧૬/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૦૩/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૧૮/૦૮/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૧૮/૦૮/૨૦૨૬ |
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## –// આરોપીઓની વિગત //–

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમ | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચંપાબેન વા/ઓ. મુકેશભાઇ દેવજીભાઇ સોલંકી | ૨૦.૦૭.૨૦૨૫ | ૨૧.૦૭.૨૦૨૫ | પ્રોહી.કલમ–૬૫(ઇ), ૮૧ | નિર્દોષ ઠરાવેલ છે | – | – |
| ૨ | પ્રીતીબેન વા/ઓ. ગોવિંદભાઇ જેઠવા | ૧૧.૦૮.૨૦૨૫ | ૧૧.૦૮.૨૦૨૫ | | નિર્દોષ ઠરાવેલ છે | – | – |

## –// ફોર્મ–સી //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૧૨ | વજુભાઇ ગોવિંદભાઇ કામળીયાની જુબાની. | પંચ સાહેદ |
| (૨) | ૧૪ | સરફરાજ ઉર્ફે સકુ વલીભાઇ ખત્રીની જુબાની. | પંચ સાહેદ |
| (૩) | ૧૬ | જયદીપસિંહ ભીખુભા રાઠોડની જુબાની. | પંચ સાહેદ |
| (૪) | ૧૭ | જગદીશભાઇ હમીરભાઇ ગોહીલની જુબાની. | ત.ક.અ. |
| (૫) | ૨૬ | ગીરીશભાઇ બાબુભાઇ વાજાની જુબાની. | પંચ સાહેદ |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૩ | અટક તથા મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ. |
| (૨) | ૧૫ | અટક પંચનામુ. |
| (૩) | ૧૮ | ફરિયાદ. |
| (૪) | ૧૯ | લેખિત અરજી. |
| (૫) | ૨૦ | એફ.આઇ.આર. |
| (૬) | ૨૧ | તપાસનો હુકમ. |
| (૭) | ૨૨ | રવાનગી પત્ર. |
| (૮) | ૨૩ | અરજી. |
| (૯) | ૨૪ | સી.ડી.આર. |

## – :: ઠ રા વ ::–

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ નાએ તા.૧૯/૦૭/૨૦૨૫ ના કલાક ૨૧/૪૦ વાગ્યે સુત્રાપાડા દક્ષાનગરમાં પોતાના રહેણાંક મકાનની બહાર ઓટીના નીચેના ખાનામાં અલગ અલગ પ્લાસ્ટીકની થેલીઓમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વીદેશી દારૂ ઇમ્પીરીયલ બ્લ્યુ હેન્ડ

પેકડ ગ્રેઈન વ્હીસ્કીની પ્લાસ્ટીકની ૨ લીટરના જગ નંગ–૦૨ જેની કિંમત રૂા.૫,૮૬૬/– તથા ઇમ્પીરીયલ બ્લ્યુ હેન્ડ પેકડ ગ્રેઈન વ્હીસ્કીની કાચની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૦૪ જેની કિંમત રૂા.૪,૪૦૦/– તથા ઇમ્પીરીયલ બ્લ્યુ હેન્ડ પેકડ ગ્રેઈન વ્હીસ્કીની કાચની ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ–૦૪ જેની કિંમત રૂા.૧,૧૦૦/– તથા રોયલ રીસ્પેકટ ફાઇન પ્રીમીયમ વ્હીસ્કીના પ્લાસ્ટીકના કવાટરીયા ૧૮૦ એમ.એલ.ના નંગ–૦૭ જેની કિંમત રૂા.૭૦૦/– તથા હાવર્ડઝ ૫૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ૫૦૦ એમ.એલ.ના ટીન–૦૫ જેની કિંમત રૂા.૧,૦૦૦/– તથા કીંગફીશર સ્ટ્રોંગ પ્રીમીયમ બીયર ૫૦૦ એમ.એલ.ના ટીનના કેન નંગ–૦૯ જેની કુલ કિંમત રૂા.૧,૬૨૦/– તથા ટેગ પ્રીમીયમ સ્ટ્રોંગ બીયર ૫૦૦ એમ.એલ.ના ટીન કેન નંગ–૦૬ જેની કુલ કિંમત રૂા.૧,૨૦૦/– તથા મેજીક મુમેન્ટ ઓરેન્જ ફલેવર વોડકા કાચની ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ–૦૨ જેની કિંમત રૂા.૬૨૦/– તથા જોન માર્ટીન પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૪૫ જેની કુલ કિંમત રૂા.૪,૫૦૦/– તથા લોર્ડ જોન ડીલક્ષ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૧૪ જેની કુલ કિંમત રૂા.૧,૪૦૦/– તથા ક્રિમ્પીસ સ્પેશ્યલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના કવાટરીયા નંગ–૦૮ જેની કિંમત રૂા.૮૦૦/– તથા પ્રીન્સ જોન રેર વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૨૫ જેની કુલ કિંમત રૂા.૨,૫૦૦/– તથા રોયલ સ્પેશ્યલ પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૦૭ જેની કિંમત રૂા.૭૦૦/– એમ મળી કુલ બોટલો તથા કવાટરીયા તથા બીયના ટીન નંગ–૧૩૮ તથા કુલ આશરે લીટર ૩૫ મળી કુલ કિંમત રૂા.૨૬,૩૮૬/– નો પ્રોહી. મુદામાલ રાખી પકડાઇ જઇ તથા આરોપી નં.૨ નાઓએ ઇંગ્લીશ દારૂનો જથ્થો પુરો પાડી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીઓને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આંક–૦૫ તથા ૦૬ થી આરોપીઓની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનુ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતા આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ તેમના વિરૂધ્ધ ખોટો કેસ કરેલાની હકીકત જણાવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાએ તા.૧૯/૦૭/૨૦૨૫ ના કલાક ૨૧/૪૦ વાગ્યે સુત્રાપાડા દક્ષાનગરમાં પોતાના રહેણાંક મકાનની બહાર ઓટીના નીચેના ખાનામાં અલગ અલગ પ્લાસ્ટીકની થેલીઓમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વીદેશી દારૂ ઇમ્પીરીચલ બ્લ્યુ હેન્ડ પેકડ ગ્રેઇન વ્હીસ્કીની પ્લાસ્ટીકની ૨ લીટરના જગ નંગ–૦૨ જેની કિંમત રૂા.૫,૮૬૬/– તથા ઇમ્પીરીચલ બ્લ્યુ હેન્ડ પેકડ ગ્રેઇન વ્હીસ્કીની કાચની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૦૪ જેની કિંમત રૂા.૪,૪૦૦/– તથા ઇમ્પીરીચલ બ્લ્યુ હેન્ડ પેકડ ગ્રેઇન વ્હીસ્કીની કાચની ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ–૦૪ જેની કિંમત રૂા.૧,૧૦૦/– તથા રોયલ રીસ્પેકટ ફાઇન પ્રીમીયમ વ્હીસ્કીના પ્લાસ્ટીકના કવાટરીયા ૧૮૦ એમ.એલ.ના નંગ–૦૭ જેની કિંમત રૂા.૭૦૦/– તથા હાવર્ડઝ ૫૦૦૦ સુપર સ્ટ્રોંગ બીચર ૫૦૦ એમ.એલ.ના ટીન–૦૫ જેની કિંમત રૂા.૧,૦૦૦/– તથા કીંગફીશર સ્ટ્રોંગ પ્રીમીયમ બીચર ૫૦૦ એમ.એલ.ના ટીનના કેન નંગ–૦૯ જેની કુલ કિંમત રૂા.૧,૬૨૦/– તથા ટેગ પ્રીમીયમ સ્ટ્રોંગ બીચર ૫૦૦ એમ.એલ.ના ટીન કેન નંગ–૦૬ જેની કુલ કિંમત રૂા.૧,૨૦૦/– તથા મેજીક મુમેન્ટ ઓરેન્જ ફલેવર વોડકા કાચની ૧૮૦ એમ.એલ.ની બોટલ નંગ–૦૨ જેની કિંમત રૂા.૬૨૦/– તથા જોન માર્ટીન પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૪૫ જેની કુલ કિંમત રૂા.૪,૫૦૦/– તથા લોર્ડ જોન ડીલક્ષ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૧૪ જેની કુલ કિંમત રૂા.૧,૪૦૦/– તથા ક્રિમ્પીસ

સ્પેશ્યલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના કવાટરીયા નંગ–૦૮ જેની કિંમત રૂા.૮૦૦/– તથા પ્રીન્સ જોન રેર વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૨૫ જેની કુલ કિંમત રૂા.૨,૫૦૦/– તથા રોયલ સ્પેશ્યલ પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ–૦૭ જેની કિંમત રૂા.૭૦૦/– એમ મળી કુલ બોટલો તથા કવાટરીયા તથા બીયના ટીન નંગ–૧૩૮ તથા કુલ આશરે લીટર ૩૫ મળી કુલ કિંમત રૂા.૨૬,૩૮૬/– નો પ્રોહી. મુદામાલ રાખી પકડાઇ જઇ તથા આરોપી નં.૨ નાઓએ ઇંગ્લીશ દારૂનો જથ્થો પુરો પાડી એકબીજાને મદદગારી કરી પ્રોહી. એકટની કલમ–૬૫ઇ, ૮૧ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: <u>નિર્ણય માટેનાં કારણો</u> :–**

**(૭)** સદર કામે આગળ વધતા પહેલા સદર અદાલત નામદાર ગુજરાત વડી અદાલતનાં નિર્ણીત કરેલ **<u>2016(4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others</u>** ના ચુકાદાનો નિર્ણયાધાર વંચાણે લેવાનું ઉચિત સમજે છે, જેમાં ઠરાવેલ છે કે,

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

વધુમાં આ કામે જો નામદાર ગુજરાત હાઇકોર્ટનો **દીલીપ સાન્શી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે, *"In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of providing the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of the a person."*

**(૮)** આમ, ઉપરોકત ચુકાદાઓનાં ઉજાસમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતા, આ કામે

ફરીયાદપક્ષ દ્વારા **આંક–૧૨ થી પંચ સાહેદ વજુભાઈ ગોવિંદભાઈ કામળીયા, આંક–૧૪ થી પંચ સાહેદ સરફરાજ ઉર્ફે સકુ વલીભાઈ ખત્રી, આંક–૧૬ થી પંચ સાહેદ જયદીપસિંહ ભીખુભા રાઠોડ તથા આંક–૨૬ થી પંચ સાહેદ ગીરીશભાઈ બાબુભાઈ વાજા નાઓને તપાસવામાં આવેલ છે. જેના રૂબરૂ આરોપીનાં કબજામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે. તેઓ પોતાની રૂબરૂ આંક–૧૩ તથા ૧૫ વાળા પંચનામા થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.** તે જ રીતે સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે.

(૯) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૭ થી આ કામનાં **તપાસ કરનાર અમલદાર જગદીશભાઈ હમીરભાઈ ગોહીલ** ને તપાસવામાં આવેલ છે અને તેઓના પુરાવામાં આંક–૧૮ થી ફરીયાદ, આંક–૧૯ થી લેખિત અરજી, આંક–૨૦ થી એફ.આઈ.આર., આંક–૨૧ થી તપાસનો હુકમ, આંક–૨૨ થી રવાનગી પત્ર, આંક–૨૩ થી અરજી તથા આંક–૨૪ થી સી.ડી.આર. રજુ થયેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, **ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી, રેડવાળી જગ્યાની માલીકી અંગેનો દસ્તાવેજી આધાર તેઓએ તપાસના કામે મેળવેલ નથી, તેઓને ટ્રાફીક, પ્રોહી., જુગારની ડ્રાઈવ દરમ્યાન તેના કેસો કરવાના હોય છે, ઘણી વાર પેટ્રોલીંગ દરમ્યાન પ્રોહી. લગત મુદામાલ બીન વારસી હાલતમાં મળી આવતો હોય છે, રેડવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકીય વિસ્તાર છે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી, આરોપી નં.૧ સીવાયના અન્ય આરોપીઓને તેઓએ આરોપી નં.૧ ની કબુલાતના આધારે અટક કરેલા, કોઈ સાહેદના નીવેદનમાં પંચોના નામ જણાવેલ નથી.** વધુમા ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપીનાં કબજામાંથી જાહેરમાંથી વગર પાસ પરમીટનો પ્રોહી મુદામાલ મળી આવેલ છે અને ગુન્હો બન્યાનો સમય ધ્યાને લેતાં ગુના વાળી જગ્યા જાહેર વિસ્તાર હોય ત્યાં માણસોની હાજરી હોવાની શકયતા સ્વાભાવિક જણાય છે. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ રેકર્ડ જોતાં ફલ્તિ થતુ નથી તેમજ આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતાં ફરીયાદપક્ષ આરોપીનાં કબજામાંથી મળી આવેલ પ્રવાહી દારૂ જ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી. તે તમામ સંજોગો રેકર્ડે ફરીયાદમાં આક્ષેપીત બનાવ તેમજ ખરેખર ફરીયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત શંકાસ્પદ જણાય છે.

આમ, રેકર્ડ પરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં

અન્ય સાહેદોને તપાસવા અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ મધ્યે નજર રાખતા આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકતા ન હોય તેમજ **નામદાર સર્વોચ્ચ અદાલતે તેનાં ચુકાદામાં સતીષ મહેરામાં** પ્રસ્થાપિત કરેલ છે, "When judge is certain that there is no prospect of case ending in conviction time of Court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલનાં કેસમાં પણ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદો ફરીયાદપક્ષનાં કેસને પુરતા અને નિ:શંક પુરાવાઓથી હાલનો કેસ સાબિત કરી શકે તેમ જણાતુ ન હોય તેમજ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપીઓ ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર ઠરતા હોવાનું આ અદાલતનું માનવુ હોય, **મુદા નં.૧ નો જવાબ 'નકારમાં' ઠરાવી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.**

**-: આખરી હુકમ :-**

૧. આ કામનાં આરોપીઓ ૧) ચંપાબેન વા/ઓ. મુકેશભાઈ દેવજીભાઈ સોલંકી, રહે.સુત્રાપાડા, જી.ગીર સોમનાથ તથા ર) પ્રીતીબેન વા/ઓ. ગોવિંદભાઈ જેઠવા, રહે.વાસોજ, તા.ઉના, જી.ગીર સોમનાથ **નાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની સુધારા ૨૦૧૬ ની કલમ-૬૫ ઈ, ૮૧** મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. મુદામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી. મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. પ્રત્યેક આરોપીના અગાઉના જામીન તથા જાત મુચરકો બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૧ અન્વયે છ માસની સમય મર્યાદા પુરી થયેથી રદ ગણવા.

હુકમ આજ રોજ **તા.૧૮, માહે ઓગષ્ટ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સુત્રાપાડા.
તારીખ : ૧૮/૦૮/૨૦૨૬

**( એ. આર. બોરીચા )**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સુત્રાપાડા**
**જજ કોડ નં.જી.જે.૦૦૯૭૮**